# ગાંધીનગર સહિત રાજ્યભરમાં વરસાદી માહોલ

## તોફાની પવનની સાથે આંધીના કારણે વાહન વ્યવહારને અસર : ગુજરાતના વાતારવણમાં ફરી વખત પલટો : તળેટી વિસ્તારમાં કરા પડતા ભારે આશ્ચર્ય

અમદાવાદ, તા.૦૬

ગુજરાતમાં હાલ એક તરફ ચૈત્ર વૈશાખની ગરમી કહેર વરસાવી રહી છે ત્યારે બીજી તરફ રાજ્યનાં કેટલાક વિસ્તારોમાં ભરઉનાળે સતત ત્રીજા દિવસે ચોમાસા જેવો માહોલ છવાયો છે. મંગળવારે મોડી સાંજે એકાએક અમદાવાદ સહિત ગુજરાતભરમાં વાતાવરણ પલ્ટો થયો હતો. એકાએક શહેરના આસમાનમાં કાળા ડિંબાગ વાદળાઓ ચડી આવ્યા હતા. અને ભારે પવનનાં કારણે ધુળની ડમરીઓ ઉડી હતી.

શહેરમાં કેટલાક ઠેકાણે છાંટા પડ્યા હતા તો ક્યાંક-ક્યાંક હળવા વરસાદના અહેવાલ છે. તો રાજ્યનાં કેટલાક વિસ્તારોમાં કરા પડ્યા હોવાના પણ સમાચાર મળ્યા છે. જેના કારણે શહેરના વાહન વ્યવહાર પર માઠી અસર પડી છે. તાજેતરમાં જ અમદાવાદમાં ભારે પવન સાથે ત્રાટકેલા વરસાદે તબાહી મચાવ્યા બાદ મંગળવારે ફરી એકવાર ગુજરાતના વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. મંગળવારે મોડી સાંજે અમદાવાદ, સુરેન્દ્રનગર, ડાંગ, કચ્છ અને ભાવનગર જિલ્લાનાં કેટલાક વિસ્તારોમાં છૂટા છવાયા વરસાદી ઝાપટાં અને કરા પડવાની ઘટનાઓ નોંધાઈ છે. અમદાવાદમાં વિરમગામ, દેત્રોજ, સાણંદ, ધંધુકા, બાવળા અને ધોળકામાં વરસાદના છાંટા પડ્યા હતા જ્યારે સુરેન્દ્રનગરના પાટડી અને આદરણીયા આજુબાજુના વિસ્તારોમાં વરસાદના હળવાથી ભારે ઝાપટી પડ્યા છે.

આ ઉપરાંત ડાંગમાં ગાજવીજ સાથે વરસાદ તુટી પડ્યો હતો. તળેટી વિસ્તારમાં તો કરા પણ પડ્યા હતા. વધુમાં સુકાભઠ્ઠ પ્રદેશ કચ્છના રાપરમાં કરા પડ્યા છે અને આદરીયાણા અન આસપાસના ગામોમાં કરા સાથે મુશળધાર વરસાદ વરસ્યો હતો.

ભારે પવનથી કેટલાક મોટા મોટા હોર્ડીંગ્સ પણ તુટી ધરાશાઈ થયા હતાં. ધારી પંથકમાં કમોસમી વરસાદથી કેરીના પાકને નુકશાનની ભીતી છે. સાંજના પાંચ વાગ્યા બાદ વાદળછાયું વાતાવરણ છવાયું હતું. અને ભારે પવન સાથે એકાએક મુશળધાર વરસાદ તુટી પડ્યો હતો. જોતજોતામાં કરા સાથે ૧૫-૨૦ મિનીટ સુધી વરસેલા વરસાદથી રસ્તા ઉપર પાણીની નદીઓ વહેવા લાગી હતી. કેટલાક વિસ્તારોમાં ભારે પવનથી વીજળી ગુલ થઈ ગઈ હતી.

અચરજની વાત એ છે કે કેટલાક વિસ્તારમાં મુશળધાર વરસાદ પડી રહ્યો હતો ત્યારે તેનાથી માત્ર એક બે કિલોમીટર દુરના વિસ્તારોમાં માત્ર છાંટા પડ્યા હતા. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ભારે પવનને કારણે આંબાની ડાળો તુટવાના તથા કેરીનાો પાક ખરી જવાથી ખેડૂતો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. અને ખેતરમાં પડેલ બાજરો તથા તલના પાકને પણ નુકશાનની જવાની ભીતી સેવાઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્રમાં બે દિવસ પહેલા જ ભરઉનાળે વરસાદી ઝાપટા પડ્યા હતા તો અમદાવાદમાં પણ થોડા દિવસ પહેલા જ કમોસમી વરસાદ પડતા વાતાવરણમાં અચાનક જ પલ્ટો આવ્યો હતો. હવામાન ખાતાએ પણ આગામી ત્રણ દિવસમાં વરસાદી ઝાપટા પડવાની આગાહી કરી છે. દરમિયાન હવામાન વિભાગે આજે કહ્યું હતું કે, અમદાવાદમાં ૪૧.૮ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જો કે ભુજમાં તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું.

# યુવતીના જાસુસીકાંડ મામલે યુવતીના પિતા દ્વારા સુપ્રીમ કોર્ટમાં પીટીશન

ગાંધીનગર, તા. ૬

ગુજરાતના ચકચારી મહીલા જાસુસી કાંડનો મામલો સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો છે. યુવતિના પિતાએ તપાસ પંચ ન નિમવાની વિનંતી કરતી કરેલી અરજીને પગલે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટીસ પાઠવી છે.

ગુજરાતમાં એક યુવતીની કરવામાં આવેલી જાસુસીની તપાસ માટે રાજ્ય સરકાર દ્વારા તપાસ પંચની નિમણુંક કરવામાં આવી છે. કેન્દ્ર સરકારે પણ આ મામલે તપાસ પંચ નિમવાની જાહેરાત કરી છે.

જેના પગલે આખરે આ મામલે સુપ્રિમકોર્ટમાં પહોંચવા પામ્યો છે. યુવતીના પિતાએ સુપ્રીમ કોર્ટમાં એક અરજી કરીને જાસુસી કાંડની તપાસ નહી કરવાની માંગણી કરી છે તેમજ જો તપાસ કરવામાં આવે તો યુવતી અને તેના પરિવારની ઓળખ છતી ન કરવા માટેની રજુઆત કરવામાં આવી હોવાનુ જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ યુવતીના પિતાની આ અરજીને પગલે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારને નોટીસ પાઠવી છે. ગુજરાતમાં એક યુવતીની જાસુસી કરવામાં આવી હોવાનો સરકારના એક મંત્રી પર આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેને પગલે રાજ્ય સરકાર દ્વારા યુવતીની જાસુસીકાંડની તપાસ માટે એક તપાસ પંચની પણ નિમણુંક કરવામાં આવી છે.

## કાનમ રેસીડેન્સીના મકાનમાંથી તસકરો ઘરવખરીનો સામાન ચોરી ગયા...!

### શિક્ષિકાના બંધ મકાનમાં ઘૂસીને ગીઝર, આર.ઓ. પ્લાન્ટ, સગડી અને લેપટોપ પણ ચોરો ઉઠાવી ગયા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર પાસે આવેલા કુડાસણ ગામના કાનમ રેસીડેન્સી ખાતે રહેતી શિક્ષિકા તેણીના પરિવાર સાથે બહારગામ ગઈ હતી અને પરત ફરી ત્યારે જોયું તો તેણીના ઘરને તસ્કરો એ નિશાન બનાવી લીધું હતું. મકાનમાં ઘૂસીને તસ્કરો સગડી થી માંડીને આર.ઓ.પ્લાન્ટ સહિતની ઘરવખરીની ઉઠાંતરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે શિક્ષિકાએ સે.૭ પોલીસને ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ડી તપાસ શરુ કરી છે.

કુડાસણ ગામના કાનમ રેસીડેન્સી મકાન નં.જી/૩૦૧ ખાતે રહેતા અને ભીલોડાની એક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા -ક્ષાબેન કાનજીભાઈ ડામોર ૨૯ મી એ-લિ પરિવાર સાથે તેમના મકાન ને તાળું મારીને બહારગામ ગયા હતા. તેઓ પરત ફર્યા ત્યારે જોયું તો મકાનનો દરવાજો ખુલ્લો હતો. અંદર જઈને તપાસ કરી તો મકાનમાંથી એલ.સી.ડી, લેપટોપ, ગીઝર, આર.ઓ.પ્લાન્ટ, તથા સગડી સહિતની ઘરવખરી ગાયબ હતી. જો કે મકાનના દરવાજાનું તાળું પણ તૂટેલું ન હતું. કદાચ ડુપ્લીકેટ ચાવીથી મકાનનો દરવાજો ખોલીને ચોરી થઈ હોય તેવી શક્યતા છે. શિક્ષિકાની ફરિયાદને આધારે સે.૭ પોલીસે ગુનો નોંધીને ઝીણવટભરી તપાસ આરંભી છે.



દૂધમાં હાલમાં ઝીંકવામાં આવેલા ભાવ વધારાના વિરોધમાં અનુપમ સિનેમા પાસે દેખાવો કરવામાં આવ્યા હતા.




જિલ્લા પંચાયત પાસે દૂધ અને વિજળીના ભાવ વધારાના વિરોધમાં દેખાવો કરાયા હતા.

## મોડાસાના મ.લા. ગાંધી મંડળ દ્વારા સ્થાપના દિનની ઉજવણી કરાઈ

મુલોજ, તા. ૬

શ્રી મ.લ. ગાંધી ઉ. કેળવણી મંડળ દ્વારા પહેલી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે મોડાસા ટાઉનહોલમાં સંગીત સંધ્યાનો કાર્યક્રમ યોજાયો હતો.

અરવલ્લી જિલ્લાના મ.લા. ગાંધી ઉ.કે. મંડળ દ્વારા બી.કે. ભટ્ટની પ્રેરક હાજરીમાં પ્રમુખ ડૉ. અરૂણભાઈ શાહે ઉપસ્થિત મહેમાનોનું શાબ્દીક સ્વાગત કર્યુ હતુ. જ્યારે બાદમા હાર્મોનિયમ વાદક નરેન્દ્રભાઈ ભટ્ટ અને તેમના કલાવૃંદ દ્વારા આ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં મોડાસા નગરના શ્રેષ્ઠીઓ મહાનુભાવો અને સંગીત રસીકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં નરેન્દ્રભાઈ ભટ્ટે હાર્મોનિયમ પર સુંદર જૂના ફિલ્મી ગીતોની રજૂઆત કરી હતી. શ્રોતાઓ ભાવવિભોર થઈ ગયા હતા. સુભાષભાઈ શાહે આભારદર્શન કર્યુંહતું.

# દરોડા પાડી જુગાર રમતા ૭ શખ્સોની ધરપકડ કરી

## શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારમાં રેડ કરવામાં આવી

અમદાવાદ, તા.૦૬

શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તાર પાસે આવેલા કાલિન્દ્રી એપાર્ટમેન્ટમાં ગુજરાત યુનિવર્સિટી પોલીસે દરોડા પાડી સાત જુગારીઓની ધરપકડ કરી છે. ગંજી પાનાનો જુગાર રમતા આ સાતેય વ્યક્તિની યુનિવર્સિટી પોલીસે કુલ બે લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, શહેરના ગુલબાઈ ટેકરા વિસ્તારના કાલિન્દ્રી એપાર્ટમેન્ટનાન એ/૪, નંબરના મકાન માલિક બાલકૃષ્ણ ઠક્કર પોતે ઘરમાં જુગાર રમાડતા હતા. આ જુગાર આઈપીએલ મેચનો જુગાર ન હતો, પરંતુ આ જુગાર ગંજી ાપનાનો એટલે કે પ્રોફેશનલ જુગાર. પોલીસે બાતમીના આધારે દરોડા પાડી જાણે કે રંગમાં ભંગ પાડ્યો હોય તેમ કાલિન્દ્રી એપાર્ટમેન્ટમાંથી સાત જુગારીઓની ધરપકડ કરી લીધી હતી. આ જુગારીઓમાં બાલકૃષ્ણ ઠક્કર, અશોક પટેલ, વસંત પટેલ, સુરેશ ભાનુભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, રામસિંહ દેસાઈ તથા મહેન્દ્રસિંહ પરમારનો સમાવેશ થાય છે. પોલીસે દરોડા દરમ્યાન ઘટના સ્થલેથી એક લાખ રોકડા, ત્રણ વાહનો, છ મોબાઈલ મળી કુલ બે લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. કાલિન્દ્રી એપાર્ટમેન્ટના મકાન માલિક બાલકૃષ્ણ ઠક્કર જુગાર રમાડવા માટે એક ગેમના ૧૦૦થી ૨૦૦ રૂપિયા લેતા હતા. પૂછપરછમાં જામવા મળ્યું કે બાલકૃષ્ણ ઠક્કરની આર્થિક પરિસ્થિત નબળી હોવાના કારમે આ કૃત્ય કરતા હતા. હાલ આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૩૮૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | ૪ | | ■ |
| | ■ | ૫ | | | | ■ | ૬ |
| ૭ | ૮ | | ■ | ૯ | | ૧૦ | |
| ■ | | ■ | ૧૧ | ■ | ■ | ૧૨ | |
| ૧૩ | | | | ■ | ૧૪ | | ■ |
| ■ | | ■ | | ■ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | ■ | ૧૮ | | ૧૯ | | | |
| ૨૦ | | | | | ■ | ૨૧ | |

### આડી ચાવી

૧. પહેરેલા સાડલાનો લટકતો છેડો (૩)
૩. લક્ષણ, ગુણ, છાપ (૩)
૫. ગોઠવણ, તપાસ, વ્યવસ્થા (૪)
૭. રત્ન, હિરા (૩)
૯. લોકોનો મત (૪)
૧૨. ઇચ્છા... આપવી, પુરી થવી (૨)
૧૩. સાવ ખાલી (૪)
૧૪. રિવાજ, રસમ (૨)
૧૫. આવક, આમદની (૩)
૧૮. માંકડ (૪)
૨૦. ઝેર, વખ (૩)
૨૧. બકાલુ, બટાકા-રીંગણ દૂધી વગેરે (૨)

### ઊભી ચાવી

૧. ગામની શરૂઆતમાં... હોય છે (૩)
૨. જન્મસ્થળ, મૂળ... (૩)
૩. માદભર્યુ (૩)
૪. ઋતુ (૩)
૬. રૂ કાઢી કાંતેલા તાર (૩)
૮. મુશ્કેલી, અગવડ (૪)
૧૦. ખુબ વધારે, પુષ્કળ (૪)
૧૧. સુગંધનો ફેલાવો, મહેક (૪)
૧૪. રાંધેલો ભાત, ચોખા (૩)
૧૬. દેખાવ, નૂર (૩)
૧૭. ગળામાં દોરડાનો... નાંખી થતું મોત (૨)
૧૮. ખરલ, મુર્ખ (૨)
૧૯. મોજ, આનંદ (૨)

### શબ્દાવલી ૫૩૮૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) બજરંગબલી (૬) ગર (૭) પલક (૮) તમા (૯) નર (૧૧) વાદી (૧૨) ગપ (૧૪) મજાલ (૧૫) વશીકરણ (૧૭) મજા (૧૯) ગયુ (૨૧) તકીલાકલામ

**ઊભી ચાવી :-** (૧) બલવાન (૨) રંગત (૩) ગરમાળો (૪) લીપણ (૫) તકવાદી (૧૦) રણશીયુ (૧૧) વાલમ (૧૩) પક (૧૪) મણ (૧૫) વગ (૧૬) રણકી (૧૮) જાલીમ (૨૦) પાક

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

# ભાજપના પગલે કોંગ્રેસના કાર્યકરો વારાણસી રવાના

## ૫૦ કાર્યકરો રોડ માર્ગે રવાના : મોઢવાડીયા, મધુસુદન મિસ્ત્રી તથા સાગર રાયકા પણ વારાણસીમાં પહોંચી ગયા

અમદાવાદ, તા.૦૬

લોકસભાની ગુજરાતની ૨૬ બેઠકો માટે ૩૦મી એપ્રિલે ચૂંટણી સમ્પન્ન થયા બાદ ગુજરાત ભાજપના પ્રદેશ નેતાઓને અને કાર્યકરો મોટી સંખ્યામાં વારાણસી પહોંચી ગયા છે અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર તથા ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વારાણસીમાંથી જંગી સરસાઈથી જીતાડવા માટે કામે લાગી ગયા છે ત્યાં બીજી તરફ ભારે આંતરિક વિવાદોથી ઘેરાયેલા કોંગ્રેસ પક્ષે પણ આજથી તેના કાર્યકરોને વારાણસી મોકલવાનું શરૂ કર્યું છે. ભાજપ તથા કોંગ્રેસના કાર્યકરો તથા ૧૨મી મે ના રોજ થનારી અંતિમ ચૂંટણી સુધી વારાણસી રોકાશે.

લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં કોંગ્રેસનો દેખાવ કેવો રહ્યો અને નરેન્દ્ર મોદીને ગુજરાતના કયા કયા મહત્વના મુદ્દે વારાણસીમાં ઘેરી શકાય તેની હાઈકમાન્ડ સામે મહત્વની ચર્ચા કરવા ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડીયા રવિવારથી દિલ્હીમાં છે અને તેઓ આવતીકાલે બુધવારે વારાણસી જવા રવાના થશે. બીજી તરફ ગુજરાત કોંગ્રેસના આશરે ૫૦ કાર્યકરોને પ્રથમ જથ્થો આજે જુદા જુદા વાહનોમાં રોડ માર્ગે વારાણસી જવા રવાના થયા હતા. અને ગુજરાતમાંથી તબક્કાવાર લગભગ ૨૦૦તી વધુ કાર્યકરો ઉત્તરપ્રદેશના વારાણસી મતવિસ્તારમાં પહોંચી જઈ ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ટક્કર આપી રહેલા કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે મહેનત કરશે તેમ કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તાએ જણાવ્યું હતું. વારાણસીમાં કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ મોઢવાડીયા, મધુસુદન મિસ્ત્રી, તથા સાગર રાયકા વગેરે ગુજરાત કોંગ્રેસના કાર્યકરોનું નેતૃત્વ કરશે અને તેઓને માર્ગદર્શન આપશે. અનેકવિધ આંતરિક વિવાદોથી ઘેરાયેલા કોંગ્રેસપક્ષના લોકસભાના કેટલાંક ઉમેદવારોએ ચૂંટણી દરમિયાન તેમના જ પક્ષના આગેવાનો નિષ્ક્રિય રહ્યા હોવાની ફરિયાદ કરી કોંગ્રેસમાં ભારે હલચલ મચાવી દીધી છે. કોંગ્રેસ પક્ષના આગેવાનો જગદીશ ઠાકોર, સી.જે. ચાવડા વગેરે આગેવાનો ચૂંટણી પ્રચારમાં નિષ્ક્રિય રહ્યા હોવાની ગંભીર ફરિયાદથી પક્ષનું હાઈકમાન્ડ પણ ચોંકી ઉઠ્યું છે. કોંગ્રેસની રાષ્ટ્રીય નેતાગીરી હાલમાં આઠમાં અને નવમાં તથા અંતિમ તબક્કાની ચૂંટણીમાં ભારે વ્યસ્ત હોવાથી આ પ્રકારની ફરિયાદો ૧૬મી મેના રોજ જાહેર થનારા લોકસભાની ચૂંટણીના પરિણામ પછી જ હાથ ધરી લેવાશે.

### મતદાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ઉત્તરપ્રદેશની ૧૫ બેઠકો માટે મતદાન થનાર છે જેમાં અમેઠી, સુલ્તાનપુર, પ્રતાપગઢ, કોસાંબી, ફુલપુર, અલ્હાબાદ, ફૈઝાબાદ, આંબેડકરનગર, બહરાઈચ, કેસરગંજ, શ્રાવસ્તી, ગોંડા, બસ્તી, સંતકબીરનગર અને બદોહીનો સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં ૨૪૩ ઉમેદવારો મેદાનમાં છે. આંધ્રમાં લોકસભાની ચૂંટણીની સાથે સાથે સીમાન્ધ્રની ૧૭૫ વિધાનસભા બેઠકો માટે પણ મતદાન થશે. બિહારમાં ૧૧૮ ઉમેદવારો મેદાનમાં છે. પશ્ચિમ બંગાળની છ સીટો માટે ૭૨ ઉમેદવાર મેદાનમાં છે.

હજુ સુધીના સાત તબક્કામાં મતદાન શાંતિપૂર્ણ અને રેકોર્ડ રહ્યા બાદ હવે આવતીકાલે યોજાનાર મતદાનને લઈનેપણ મતદારો ભારે ઉત્સુક છે. સાતમી મેના દિવસે યોજાનાર લોકસભાની ચૂંટણી માટે ગઈકાલે પ્રચારનો અંત આવ્યો હતો. આ તબક્કામાં સાત રાજ્યોને આવરી લેતી લોકસબાની ૬૪ સીટ માટે બુધવારે મતદાન યોજાનાર છે. જે રાજયમાં મતદાન યોજાનાર છે તેમાં ઉત્તરપ્રદેશની ૧૫, ઉત્તરાખંડની પાંચ, પશ્ચિમ બંગાળની ૬, હિમાચલ પ્રદેશની ૪, બિહારની સાત બેઠકોનો સમાવેશ થાય છે આ ઉપરાંત આંધ્રપ્રદેશની ૨૫ બેઠકનો સમાવેશ થાય છે. ગઈકાલે આ તબક્કા માટે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી છવાયેલા રહ્યા હતા. નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠીમાં ચૂંટણી પ્રચાર કરીને લોકોમાં ઉત્સાહ ભરી દીધો હતો. સીમાન્ધ્રમાં ૨૫ બેઠકોને લઈને પણ ભારે ઉત્સાહ છે. ૬૪ સીટ ઉપર હવે મતદાન યોજાનાર છે જેમાં રાહુલ ગાંધીના મત વિસ્તાર અમેઠીનો સમાવેશ થાય છે. ગઈકાલે પ્રચારના છેલ્લા દિવસે ઉત્તરપ્રદેશમાં જોરદાર પ્રચારમાં દિગ્ગજો વ્યસ્ત રહ્યા હતા. ઉત્તરપ્રદેશમાં ૧૫ બેઠક માટે મતદાન યોજાનાર છે. મોદીએ ફૈઝાબાદમાં ભગવાન રામના ચિત્ર સાથે ચૂંટણી પ્રચાર કર્યો હતો. અમેઠીમાં પણ સ્મૃતિ ઈરાનીની તરફેણમાં પ્રચારમાં ભાગ લીધો હતો અને કહ્યું હતું કે, લોકો હવે પરિવર્તન ઈચ્છે છે. આઠમાં તબક્કાની ચૂંટણી માટે અમેઠીમાં રાહુલના બહેન પ્રિયંકાએ પણ જોરદાર પ્રચાર કર્યો હતો અને કોંગ્રેસ માટે મત આપવાની માંગ કરી હતી. એલજેપીના વડા રામવિલાસ પાસવાન હાઝીપુરમાંથી મેદાનમાં છે. હિમાચલમાં કાંગરામાંથી શાંતાકુમાર મેદાનમાં છે.

આ તબક્કામાં યોજાનાર ચૂંટણીમાં આશરે ૯૦૦ ઉમેદવારોના ભાવિનો ફેંસલો થનાર છે. નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળમાં પણ ચૂંટણી પ્રચાર કરી ચુક્યા છે. છ સીટ જાળવી રાખવા ડાબેરી મોરચા ઉપર દબાણ છે. ડાબેરી મોરચાએ છેલ્લે અહીં આ બેઠકો જીતી હતી. રાબડી દેવીની સામે ભાજપે રાજીવ પ્રતાપ રુડીને મેદાનમાં ઉતાર્યા છે. બિહારમાં લાલૂની પાર્ટી આરજેડી, નીતિશકુમારની જેડીયુ, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા થશે. બુધવારના દિવસે બિહારમાં સાત બેઠકો ઉપર મતદાન યોજાનાર છે. જે પૈકી પાંચ બેઠકો વર્ષ ૨૦૦૯માં જેડીયુ દ્વારા જીતી લેવામાં આવી હતી જ્યારે અન્ય બે બેઠકો સારન અને મહારાજગંજમાં આરજેડીની જીત થઈ હતી. હિમાચલ અને ઉત્તરાખંડમાં એક જ તબક્કામાં બુધવારે મતદાન થશે. ઉત્તરાખંડની પાંચ અને હિમાચલની ચાર બેઠક માટે મતદાન યોજાશે. જમ્મુ કાશ્મીરમાં બારામુલ્લા અને લડાખમાં લોકસભાની ચૂંટણી યોજાનાર છે. લોકસભાની ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે.જાણકાર લોકોનુ કહેવુ છે કે આ વખતે વધુ મતદાન થયું છે. જેથી આ મતદાન કોની તરફેણમાં છે તેને લઈને ભારે સસ્પેન્સ છે. ૧૬મી મેના દિવસે મતગણતરીના દિવસે તમામનુ ભાવિ નક્કી થશે.

### પોલીસ ચોકી માટે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગંદકીમુક્ત રાખવા સમયાંતરે સફાઈ અભિયાન પણ હાથ ધરવામાં આવે છે. એસ.ટી ડેપોની કામગીરી આંગળીના ટેરવે થાય તે માટે નવા કોમ્પ્યુટર પણ ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. જયારે સલામતીના દષ્ટિકોણને ધ્યાને રાખી ડેપો સંકુલમાં સી.સી.ટી.વી કેમેરા ની વોચ પણ ગોઠવવામાં આવી છે. આમ છતાં લાંબા સમયના અંતે પણ ડેપો સંકુલમાં પોલીસ ચોકી કાર્યરત કરવાનો મુદ્દો હજુ અદ્ધરતાલ છે. પોલીસ પહેરાના અભાવ વચ્ચે મુસાફરો પીક પોકેટિંગ અને ચેઈન સ્નેચિંગ જેવા ગુનાઓનો ભોગ બને છે. ત્યારે જગ્યાની ઉપલબ્ધિના અભાવે પોલીસ ચોકી શરુ કરવામાં વિલંબ થઈ રહ્યો છે. ડેપોના સુત્રોમાંથી -ાપ્ત થતી માહિતી અનુસાર પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા સેન્ટ્રલ કચેરી કક્ષાએથી પત્રવ્યવહાર ચાલી રહ્યો છે. જેના પરિણામે મે મહિનાના અંત સુધીમાં ડેપો સંકુલમાં પોલીસ ચોકી માટે જગ્યા ફાળવી દેવાય તેવા સંકેતો -ાપ્ત થયા છે. જો કે આ જગ્યા ભાડા પેટે કે અન્ય રીતે ફાળવવાના મામલે પણ નીતિ નક્કી થયા બાદ આખરી નિર્ણય લેવાશે.

### રહસ્યમય હત્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જઈએ છીએ તમે આવી જાઓ. સે.૧૩ માંથી મેઘનાના પીયરવાળા તાત્કાલિક ખંભાત જવા નીકળ્યા અને રસ્તામાં જ ત્યાની પોલીસને ફોન કરી દીધો કે આ આપઘાત નથી મર્ડર હોઈ શકે. કેમ કે તેમની દીકરી આવું પગલું ભરે જ નહિ તેવો તેમને ગળા સુધીનો વિશ્વાસ હતો. ખંભાત પહોંચીને જોયું તો મેઘનાના શરીરે ધગધગતી ઈસ્ત્રીના ડામ અને સોલ્ડરીંગ મશીન થી ડા ઘા પાડેલા જોયા હતા. સાસરીયાઓએ મળીને બેરહેમીપૂર્વક મેઘનાને રહસ્યમયરીતે મોતને ઘાટ ઉતારી દીધી હોવાનો આક્ષેપ મૃતકના પિતા એ કર્યો છે. જો કે ખંભાત પોલીસે આપઘાતનો ગુનો જ નોંધી એફ.એસ.એલ અને પોસ્ટમોર્ટમના રીપોર્ટ પર આધાર મુક્યો છે. મેઘનાબેનનો મૃતદેહ ગાંધીનગર લઈ આવી પરિવારજનોએ ગાંધીનગરમાં જ અંતિમવિધિ કરી છે. મૃતકના શરીરે ડામ એ હદે હતા કે કાઠા કાળજાવાળી વ્યક્તિ પણ હલબલી ઉઠે.!! સાસરિયાઓ સામે ગુનો દાખલ થાય તથા તમામને યોગ્ય સજા થાય અને ન્યાય મળે તેવી -ાર્થના મેઘનાના પરિવારજનો કરી રહ્યા છે.